# ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ- ડભોઇ ખાતે ખેડૂત શિબિર યોજવામાં આવી

ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ- ડભોઇ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત તા: ૦૮/૦૬/૨૦૨૨ના બુધવારને રોજ "ખરીફ પાકોની પુર્વ તૈયારી અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ" વિષય પર ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડભોઇ તાલુકા, બોડેલી તાલુકા, પાવી- જેતપુર તાલુકા અને છોટાઉદેપુરના ૫૫ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેડૂતભાઇઓનું શાબ્દિક સ્વાગત કરી યુનિટ વડા, શ્રી એ. જી. પંપાણીયા સાહેબે કેન્દ્ર ખાતેની કામગીરીનો પરીચય આપ્યો હતો. તાજેતરમાં પ્રસિધ્ધ થયેલ ડાંગરની નવી જાત જી. આર. ૨૧ (વાત્રક) અને જી.એ.આર. ૨૨ (સ્વાગત) વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાહેબશ્રી એ જણાવ્યું કે કેન્દ્ર ખાતેથી બિયારણનું વેચાણ ઓન લાઇન નોંધણી બાદ થતું હોવાથી આગામી વર્ષમાં સમયસર નોંધણી કરી પ્રમાણિત બીજ મેળવી લેવું જેથી કોઇ ખેડૂતભાઇ બિયારણથી વંચિત ના રહી જાય.

સિનીયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ પટેલ સાહેબે ખરીફ પાકોની પુર્વ તૈયારી બાબતે ખેડૂતમિત્રો જણાવ્યું કે જમીનની ખેડ કરી તૈયાર કરવું. જો છાણિયું ખાતર ખેતરમાં આપવાનું હોય તો સારૂ કોહવાયેલું છાણિયું ખાતર નાખવું અને તરત જ જમીનમાં ભેળવી દેવું. જેથી પોષક તત્વોનો નાશ થાય નહિ. વધુમાં સાહેબેશ્રી એ જણાવ્યુ કે સમયસર જે તે પાકનું પ્રમાણિત બીજ મેળવી લેવુ અને પાકને અનુરૂપ ખાતરની ખરીદી કરી લેવી. ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે પણ ખેડૂતમિત્રોને માહિતગાર કર્યા હતા.

ખેતી અધિકારી, શ્રી ધનસિંગભાઇ રાઠવા સાહેબે સંકલિત પોષણ વ્યવસ્થાપનમાં જૈવિક ખાતરની અગત્યતા વિશે સમજ આપી. જૈવિક ખાતરના પ્રકારો તથા તેને ઉપયોગમાં લેવાની રીતો અને ક્યા પાકમાં ક્યુ જૈવિક ખાતર ઉપયોગી છે, તેની સવિસ્તાર માહિતી આપી હતી. વધુમાં સાહેબેશ્રી એ જણાવ્યુ કે અર્ધ કોહવાયેલું છાણિયું ખાતરના ઉપયોગથી નિંદણનો પ્રશ્ન બહુ જટીલ બની જાય છે તો તેના સમાધાન રૂપે ખેડૂતભાઇઓ જો નાડેપ કમ્પોસ્ટ પધ્ધતિનો ઉપયોગ કરે તો દર ૪-૫ મહિનામાં સારુ કોહવાયેલું સેન્દ્રિય ખાતર મેળવી શકે છે.

વઢવાણા ગામના પ્રગતિશીલ ખેડૂતભાઇ શ્રી મહેશભાઇ પ્રભુભાઇ પટેલએ જમીન માવજત અંગેનો પોતનો અભિપ્રાય ખેડૂતભાઇઓને જણાવતા સેન્દ્રિય ખાતરના વપરાશ પર ભાર મુક્યો હતો.

ખેડૂતભાઇઓને નિદર્શન સારૂ ડાંગરની નવી જાત જી. આર. ૨૧ (વાત્રક) ના બિયારણની વહેંચણી કરી હતી. સાથો સાથ ખેતી વિષયક મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરીને તથા સ્વરૂચિ ભોજન લઇ સૌ છૂટા પડ્યા હતા.




"ખેડૂત શિબિર"


"ખેડૂત શિબિર"


મોડલ ફાર્મ, ડભોઈ